શ્રી કૃષ્ણ ભગવાનનો પરમ ભક્ત

નરસિંહ મેહેતો

નાટકના ઓપેરા.

વાંકાનેર "આર્યહિત વર્ધક"

નાટક કંપનીને માટે

રચીને પ્રસિદ્ધ કરનાર

રાવળ ત્રંબકલાલ દેવશંકર

તથા

ત્રવાડી ત્રંબકલાલ રામચંદ્ર

વાંકાનેર આ૦ હિ૦ વ૦ ના૦ કંપનીના માલેકો.

આવૃત્તિ પાંચમી પ્રત દસ હજાર

અમદાવાદ

સીદીસ મસ્જીદની સામે પાનાશાહની વાડીમાં

વિશ્વેશ્વર પ્રેસમાં ઇશ્વરદાસ જેકીસનદાસે છાપ્યા

સંવત ૧૯૬૧ સને ૧૯૦૪

કીમત રૂ. ૦—૨—૦

પાત્રોનાં નામ.

સુત્રધાર } —નાટયકાર સ્ત્રી પુરૂષ.
નટી }

નરસીંહરામ—શ્રીકૃષ્ણ ભગવાનનો પરમ ભક્ત જુનાગઢનિવાસી નાગર

અનંતરાય—નરસીંહરામનો સહોદર વડીલભાઇ

સારંગધર—અનંતરાયનો સાળો અને કમળાનો ભાઇ

હેરચંદ—લોભીલાલનો દિકરો કોઇ સાધુ સેવી વાણિયો

માણેક—નરસીંહ મેહેતાની સ્ત્રી

કમળા—નરસીંહ મહેતાની ભોજાઇ અનંતરાયની વહુ

કુંવરબાઈ—નરસીંહરામની દીકરી

સામળશા—નરસીંહરામનો દીકરો

ભદ્રશીલા—લોભીલાલની સ્ત્રી અને હેરચંદની મા

લોભીલાલ—મહાન લોભી વાણિયો હેરચંદનો બાપ

ઓખલો—શ્રીરંગધરનો ગોર. વડનગર નિવાસી

મદન મેતો—જુઠીબાઇનો બાપ શામળશાનો સસરો

માનબાઇ—મદનમેતાની સ્ત્રી જુઠીબાઇની મા

જુઠીબાઇ—શામળશાની સ્ત્રી મદન મેતાની દીકરી

તાના } —જુઠીબાઇની સહીયરો અને નરસીંહરામની શિષ્યા [illegible]
રીરી } ગાનારી

દિક્ષીત—મદન મેતાનો ગોર વડનગર નિવાસી વિપ્ર

શ્રીકૃષ્ણ—પરમાત્માનો દ્વાપરમાં રૂ.ઓ.તો અવતાર

[illegible]ાજી—મહામાયા જગત જનની શ્રીકૃષ્ણની સ્ત્રી.

માંડળિક—જુનાગઢનો રાજા

પદમસેન—રતનગરનો રાજા

આપરો
કોડીયો }—જુનાગઢ નિવાસી ચોર ધુતારા

ઝમલ—શ્રીરંગધરની દીકરી કુંવરબાઇની નણંદ

નારદ—બ્રહ્માના મનસીજ પુત્ર પ્રભુના પરમ ભક્ત

ધર્મરાજા—મૃત્યુલોકના જીવનો ન્યાય કરનાર ન્યાયાધિશ

વિષ્ણુ—સત્વગુણના અધિકારી ક્ષીરસાગરવાસી પ્રભુ

માનકુંવર—શ્રીરંગધરની વહુ કુંવરબાઇની સાસુ

રામકુંવર—શ્રીરંગધરની પુત્રવધુ કુંવરબાઇની જેઠાણી

શ્રીરંગધર—નરસીંહરામનો વેવાઇ કુંવરબાઇનો સસરો

ભરવાડ, સાધુઓ, નાગરો, ગોપીઓ, શંકર જાનૈયા, જાત્રાળુ, ભીમ, સુખાનંદ, વસંતરાય, સન્યાસી, ભીમડો, શેરી, રાજમાતા વિગેરે

શ્રી કૃષ્ણ ભગવાનના પરમભક્ત નરસીંહ મહેતાના નાટકનો ટુંક સાર

અંક પહેલો.

પ્ર. ૧ માં—નટી અને સુત્રધારની વાતચીતથી વસ્તુ સુચન.

પ્ર. ૨ માં—સા'ગધરની ખટપટ હ્હેરચંદની પરોક્ષ રીતે ભલાઇ, નરસીંહરામના કુટુમ્બની ધીરજ અને અનંતરાય તરફથી નરસિંહરામના કુટુમ્બને તિરસકાર.

પ્ર. ૩ માં—લોભીલાલનો લોભ, ભદ્રશીળાની ભલાઇ અને હ્હેરચંદ તરફથી નરસીંહરામના કુટુમ્બને મળતો આશ્રય.

પ્ર. ૪ માં—ભરવાડ સારંગધર અને હ્હેરચંદ વચ્ચે ભક્તિનું ખંડન મંડન તથા નરસીંહરામના સાત અપવાસથી ગોપનાથ મહાદેવનું પ્રસન થવું.

પ્ર. ૫ માં—કુંવરબાઇનું સાસરે જવું. ભાઇ બ્હેનનો પ્યાર માતાનો વાત્સલ્ય ભાવ, હ્હેરચંદની ભલાઈ અને સારંગધરની બુરાઇ.

પ્ર. ૬ માં—કાનગોપીનું રાસ મંડળ અને નરસીંહને વરદાન મળવું

પ્ર. ૭ માં—લોભીલાલનો હાસ્ય રસ ભરેલો લોભ.

પ્ર. ૮ માં—તાનારીરી સાથે જુઠીબાઇની નિર્દોષ રમત તથા મદન મ્હેતે દિક્ષિત પંડયાને જુઠીબાઈનું વેવિશાળ કરવા મોકલવો.

પ્ર. ૯ માં—નરસીંહરામની ઉદારતા, સારંગધરની નીચતા હ્હેરચંદે નિરપક્ષપાત રહી કરેલો ન્યાય નરસીંહરામે ઢેઢને ત્યાં ભજન ગાવા હા પાડવી જેથી સારંગધરે નાતબાર કરવા વિચાર કરવો દિક્ષિતે આવી પ્રભૂની માયાથી નાગરના છોકરાઓને નાપાસ કરી નરસીંહરામને ત્યાં જવું

પ્ર. ૧૦ માં—સારંગધરે મહારાજા મંડળીક પાસે નરસીંહરામ માટે ફરિયાદ કરવી.

પ્ર. ૧૧ માં—પ્રભુની ભક્તિમાં ભાન ભુલેલા નરસીંહરામના પુત્ર સામળ શાનું પ્રભુએ વાણીઆના વેશથી સગપણ કરવું અને સારંગધર તથા લોભીલાલની સમક્ષ અંતરીક્ષથી રૂપા મોહોર આપવી.

અંક બીજો.

પ્ર. ૧ માં—નરસીંહરામના દીકરા સાથે સગપણ કર્યું જેથી મદન મેતાએ નારાજ થઈ નરસીંહરામથી લાવી શકાય નહીં તેવી સામગ્રી સાથે જાન લાવવા નાગરની શીખવણીથી પત્ર લખી દીક્ષીતને મોકલવો.

પ્ર. ૨ માં—મદન મેતાનો કાગળ વાંચી નરસીંહરામે પ્રભુની સહાયતાથી તૈયારી કરવી અને માંડળીકની પરીક્ષામાં નિર્લોભી ઠરવું. સામળશાની જાન જોડવી.

પ્ર. ૩ માં—શ્રી કૃષ્ણ ભગવાને રીસાયલી ગોપીઓને મનાવી જાન જોડવા તૈયારી કરવી.

પ્ર. ૪ માં—નરસીંહ રામની જાન જોઈ સારંગધરે મશ્કરી કરવી ત્યાં યાદવકુળ સાથે કૃષ્ણ ભગવાને આવવું. કુંવરબાઈ તથા સામળશાનું રીસાવું અને પ્રભુએ મનાવવાં વિગેરે.

પ્ર. ૫ માં—જાન જોઇ મદન મેતાનો પસ્તાવો રાજા પદ્મસેનનું આવવું મદન મેતાને ધીરજ દેવી અને સામળશાના વિવાહ થવા વિગેરે.

પ્ર. ૬ માં—લોભીલાલે પૈસા ચોરાવાની ચીંતા કરવી. ખાપરે અને કોડીયે આવી લોભીલાલને છેતરવો અને અંતે લોભીલાલના પ્રપંચથી રાઈ લઇ જવી.

પ્ર. ૭ માં—નરસિંહ મેહેતે તાનારીરીને વરદાન દેવું અને ખરા ભક્તોને ચતુર્ભુજ સ્વરૂપનાં દર્શન થવાં.

પ્ર. ૮ માં—જુડીબાઇએ સખીઓ સાથે ગરબો ગાવો. સામળશા સાથે

વિનોદ વાત કરવી. નરસીંહરામે જાત્રાળુને હુંડી લખી આપવી અને માણેકબાઈનું મરણ થવું.

પ્ર. ૯ માં—બાપરે કોડીયે રાઈ વેચવા આવવું લોભીલાલે રાઈ પડાવી અને જીવન ગોરને મરવા પડેલી ગાય દાનમાં આપી મરણને શરણ થવું.

પ્ર. ૧૦ માં—નાગર જ્ઞાતિએ નરસીંહરામને જમવા નોતરી ભાણાપરથી ઉઠાડવો જેથી કૃષ્ણ ભગવાને કોપ કરી નાગર જ્ઞાતિમાં ઢેડ બતાવવા.

પ્ર. ૧૧ માં—લોભીલાલને પુન્યના બદલામાં બે ઘડી કામદુગ્ધા સોંપવી અને લોભીલાલે ધરમ રાજાને શીંગડે મારવા હુકમ કરવો જેથી આગળ ધર્મરાજા પાછળ કામદુગ્ધા અને તેની પાછળ લોભીલાલે નાસવું.

પ્ર. ૧૨ માં—ધર્મરાજાએ વિષ્ણુને શરણે જવું ત્યાં બે ઘડી પુરી થવી લોભીલાલને પાપથી શીક્ષા કરવા તૈયારી લોભીલાલે ડહાપણથી પાપ મુક્ત થવું. અને ધર્મરાજાએ લોભીલાલને શ્રાપ આપવો.

—⁂—

અંક ત્રીજો.

પ્ર. ૧ માં—કુંવરબાઈનું સીમંત સાસુ નણંદ તથા જેઠાણીની ક્રૂરતા અને કુંવરબાઈની નમ્રતા.

પ્ર. ૨ માં—નરસીંહરામને વિષયલંપટ કરવા સારંગધરે ફુલકીને મોકલવી.

પ્ર. ૩ માં—કૃષ્ણ ભગવાને શામળશાના રૂપથી જાત્રાળુને હુંડીના રૂપિયા આપવા.

પ્ર. ૪ માં—ફુલકીનો ફરેબ નરસીંહરામનું જીતેંદ્રિયપણું અને કુંવરબાઈને મામેરું કરવા તૈયારી.

પ્ર. ૫ માં—કુંવરબાઈ સાથે તેના પતિ વસંતરાયનો જુલમ અને કુંવરબાઈની ધીરજ.

પ્ર. ૬ માં—નરસીંહરામની નાગરોએ મશ્કરી કરવી નરસીંહરામે પ્રભુ પાસેથી વરસાદ વાટે પાણી લેવું નરસીંહરામની દ્રઢતા જોઈ શ્રીકૃષ્ણે દામોદર દોશીના રૂપથી કુંવરબાઈને મામેરૂં કરવું તથા અંતે ભજન ગાઈ આકાશ વાટેથી ઓછા રહેલા કમખો મંગાવવો વિગેરે.

પ્ર. ૭ માં—સારંગધર તથા અનંતરાયે નરસીંહરામની નીંદા કરવી સારંગધરને સર્પદંશ થવો નરસીંહરામે આરામ કરવો છતાં સારંગધરે નરસીંહરામના મામાને સાથે લઈ ભજનમાં ભંગ પાડવા જવું.

પ્ર. ૮ માં—નાગરોએ છુપાવું નરસીંહરામને તેની મામીને રૂપે ભગવાને પાણી પાવું જે જોઈ સારંગધરે નરસીંહરામ ઉપર ફરિયાદ કરવા જવું.

પ્ર. ૯ માં—સન્યાસી રામભક્ત તથા શૈવીએ મળી નરસીંહરામ સાથે માંડળીકની સભામાં ધર્મ સબંધી વિવાદ કરવો તેમાં સન્યાસીની ખોટી વાક્યપટુતાથી તથા સારંગધરની ખોટી ફરયાદીથી માંડળિકે નરસીંહરામને કેદ કરવો

પ્ર. ૧૦ માં—વિધવા થયેલી જુઈબાઈ તથા કુંવરબાઈ પ્રત્યે સારંગધરે નિર્લજ્જવાત કરવી અને જેથી તિરસ્કાર પામવો બાદ પ્રતિહારે બોલાવા આવવું જેથી જુઈબાઈ તથા કુંવરબાઈએ દરબારમાં જવું.

પ્ર. ૧૧ માં—નરસીંહરામને માંડળીક મારવા તૈયાર થયો જેથી પ્રભુએ કેદારો છોડાવવો. લ્હેરચંદે ખબર આપતા નરસીંહરામે કેદારો ગાવો પ્રભુએ આવી નરસીંહરામને હાર આપવો સહુ સહુની ભાવના મુજબ દર્શન દેવાં. સજ્જનને વરદાન આપવાં વિગેરે—શાંતિ શાંતિ શાંતિ.

શ્રી કૃષ્ણ ભગવાનનો પરમ ભકત.

નરસિંહ મહેતો.

નાટકનાં ગાયનો.

સુત્રધાર— (૧)

તારણ વિશ્વ સુખ આગાર, ધારણ ધરણી ધીરથી ભાર,
ખગ મૃગ ગંજન વિચાર વરદ કારણ... ... ...તારણ.
અકળ, અગમ્ય, કરણી રમ્ય નિગમ વંદિત વાર વાર
મંગલ કરણ પ્રધાન સત, સાર સાર... ... ...તારણ.

નટી— (૨)

વ્રજવાસી અવિનાસી, વિહારી મોરારી (૨)
માસી મારી, દાસી તારી, પુતના ને કુબજા... ... ...વ્રજ.
વૃંદાવનમાં ધેનુ ચારી, આહિર કિધાં સહચારી,
મૈયારીનાં મહી લુંટયાં, ગોવરધન તોળ્યો ગીરધારી
સોળ સહસ્ત્ર રંગે રમિયા, છતાં ગણાયા બ્રહ્મચારી ......વ્રજ.

(૩)

અનંતરાય—
સારંગધર—
કમળા— } નફ્ફટ નિર્લજ નકટા નરસઇયાની નારી નીકળ તારી વેળા સહી
માણેક—જાતાં જાતાંમાં કાં માતાજી મારો ઓ મેણાં ટેણાં હવે હદ થઈ
કુંવરબાઇ—
શામળશા— } કરડી આંખો શાને માટે કરો છો, જુગાઇનો ભાર બાપુ ભરો છો.
અ-સા-ક—અભાગીને પેટ પડ્યાં શું જઈ... ... ...નફ્ફટ.

લહેરચંદ—તમે અભાગી એ છે સુભાગી,
અ–સા–ક—તારી પણ સાથે શુદ્ધિ બુદ્ધિ ગઇ... ... ... નદીર.
કું—શા—છાતીમાં ઘાલ્યાં પ્રિતેથી પાળ્યાં ઓચીંતી આવી મતિ સાથી થઇ.
અ–સા–ક—ખાતાંને પીતાં એ લાલાં વિત્યાં જાઓ હવે પાણી હરામ કહી—નદીર.

લોભીલાલ–લહેરચંદ— (૪)
લોભી—માથું કુટીને મર પણ નહીં દઉં જર ઉડાવા (કોડી એક)
લહેર—ખુબ ખરચો જર આવ્યો અવસર
લોભી—પાઇ બાવા........(અંતેતો)
લહેર—ખરેખર છો પથ્થર
લોભી—બુડી મર, બુડી મર
લહેર——હેં ?
લોભી—હા ? હા ? પૈસો મારો પરમેશ્વર ને હું પૈસાનો દાસ,
પૈસો આપે દિનને તેનું જાય સત્યાનાશ,
લહેર—આવો ધરમ જગ હેલશે, બાર કેમ માતાજી ઝીલશે,
લોભી—તનાભિમાં વિત્ત મેલશે, ફુલડું બાવીનું ખીલશે.
લહેર—હે. ?

(૫)
લહેરચંદ, સારંગધર, ભરવાડ.

લહેર—ધરણીમાં વ્યાપક જગ સ્થળે શ્રી "જગતનાથ" છે.
સુજનને ફળ ખળને સજા તેને હાથ છે,
ભકતને સુખે સુખી દુઃખે દુઃખી દયાળુ થાય છે,
દુષ્ટની કરી કજા સુખી પ્રજા કરવા ધાય છે. ધરણી.

સારંગ—)પુન્ય પાપ એ મનથી માન્યાં. પોથાં થોથાં જાણો.)
(મરજી મુજબ ચાલી જગમાં મોજ મજાની માણો)

ભરવાડ—ઠાલા ભુલા ઠાકર હારૂ. બાઝી કાંમરો,
બાઝી કાંમરો એ મુરખા કજીઆ કાં કરો ... ઠલા.
હડકાયા થઈ હડીસું કાઢો, હામે નાં ડરો.
હાસો દલનો ભાવ હોય તો કયાં સેઘપરો............ઠાલા.

લહેર—...................................ધરણીમાં

સામળશા— (૬)
મુજને તજી નહીં જા, પ્યારી ઓ બ્હેની
વિર વિર કહેતી બચીઓ લેતી થાવુ નમેરી કાં પ્યારી.
રમી મુજ સંગે જમી ઉછરંગે, હવે પંખીડી નથા. પ્યારી.

કુંવરબાઇ-- (૭)
પુરણ પામી પ્રીતેથી શણગાર, પુજું પુરૂષોતમ નિરધાર;
હીર ચીર પટહાટક હીરા, ઓઢું અંગ ઓપાવે (માત)
એથી અધીકું અંગ ઓપાવે, હરિ કીરતન ને જીભ્હાપરે આવે;
કૃષ્ણ નામનાં કંકણ રૂડાં હરિ નામનાં હારો. (માત)
ચીર ચત્રભુજ નામ તણું સુ, પીચરથી એ કરીયાવર મારો...પુરણ.

(૮)

કૃષ્ણ, શંકર, નરસિંહ.

કૃષ્ણ—હર હર હરૂ આપ દરશ, પામી થયાં શીત નયનો
અતિ જગ ભ્રમ હરણ હાર.........................પામી.
આપ ચરણ કમળ ખાસ, તજે નહીં મન મધુપ પાસ;
આશીશ ઇચ્છે છે એવો દાસ....................પામી.

શંકર—મુજ મન મનમમરાલ, થઈ રહ્યો સદા પ્રભુપાલ
તો હું મા ીશ ક્યાં નીહાલ......................

કૃષ્ણ—..................................હર હર હર

નરસિંહ—હરિ હર પ્રભુ દિનદયાળી, ચ હું નહીં ધનદારા કે બાગ
શરણ હ્યોને ગ્રાડી જનત,

કૃષ્ણ—...હર હર હર.

(૯)

નાચો નાચો આલી મોરી તાતા થઇ તાતા થઇ
ગાઓ ગાઓ સંગીત સુધા ી
લયશ્રુતિ ગ્રામ ા બિચારી મેં વારી, જેસી રીતિ વહસી પ્રિતિ
છાંડા ભિતિ રાસ રચો......................... નાચે.
તનન તનન તાના તોમ તાના તદેરે, વા કેસી સોહે
બ્રહ્માદિ મોહે ઓ નભચારી, શુદ્ધિ બિચારી
ગો ગણ ત્યાગ્યો ભ્રાં મન રાગ્યો, જયોં સુધા પાગ્યો
રાસ રચ્યો .... નાચો
ગાન તાન છાઇ રહ્યા વ્રજમેં સરીતાકા નિર અચલ ભયો,
સુદ છવાઈ રહ્યો, આજ રંગ રાગ ઉમંગ ભયો,
દિન યહિ ધન્ય હૈ ત્રિલોકીમેં એસો કહું દિન નહીં એહેં પ્યારી.

સારેગમ

સાગાનીરે સાની ધપ ગરે મમ ગરેસા પનીસા પનીસા
સાંરે ધનીસા ધનીસા રેગમ પધ નીધપ
નીધપ ગરેગરેની સાની સારેગ સાનીસારેગ
ધની સારેગમ ગરેસાનીની સાધપમગ પમગરે મગરેસાની સારેગ

ધની, ધની સાનીધપગ, ધપ ગરેસા, સાગરેસા
નીનીરેસાનીધ, ધસાનીધપ, પનીધપમ, મધપમગ,
ગપમ ગરે, રેમ ગરેસા... ...(નીસારેગ)
સાસા રેરે ગગમરે ગમપ ધધની નીપપ નીધપમ ગધપમગ
સારેગ સાસા રેરે નીનીરેસા નીધપ સાનીધપ
ગપધ સાનીધપ મગરેસા... ... .(નીસારેગ)

લોભીલાલ લહેરચંદ— (૧૦)

લોભી—ડોટ મારીને મેં તુ રતું રખાય કેમ
(માનું એમ હરિ હેમ)

લહેર—(નરકે જવાનો એ નેમ)
માયામહીં લપટાઇ રેખતા ખાશો કાકા ખાંતથી

લોભી—પાઇ દેતાં આવે મને વાઇરે. (એક)

લહેર—ખતા ખાશો કાકા ખાંતથી

લોભો—(કાગટ જનમાં ફાટી જાવત તારી માના માટી)

લહેર—(સાઠી બુદ્ધિ નાઠી બુઢ્ઢા દશા દેખું છું માઠી)

લોભો—તું બાગ થયો કાંકાળ ઓઢી ચોફાળ રડું મો વાળી (૨)
કાં કપુત નીકળ્યો પૂત ખરે જમ દુત.

લહેર—વાહ ? વાહ ! વાહજી ? વાહ ! વાહ ! વાહજી ! જીજીજીજી !

જુઠીબાઇ—રીરી— (૧૧)

જુઠી—આવો મોહન જોયનીઉં જાયે દુર
રીરી—તારાં નયનોનાં બાણુ મારું બેદે ઉર
જુઠી—મીઠું મનહર મુખડું મયંક છેરે
રીરી—તારી સિંહ કટી સરખી લંક છેરે

જુઠી—આપ રતિ પતિ નાથ સમ ઓપતારે
રીરી—તારા દાડમ કળી જેવા દંત શોભતારે
રૂડી રંભ થંભ સરખી જંઘ છેરે
જુઠી—................................... માણો.

કૃષ્ણ— (૧૨)
વાહ! મુજ દાસ પુરણ પાસ
જગત સકળની તજી દીધી આસ વાહ!
સદા સીતળ કર કેરૂં અકોર સુંદર સુ પાન કરતાં
અતિ નયન ઉર સુ નરસિંહ મુજ મુખ ઉપર વારતા
ધરી ધીરજ ઉપર માંસ અવણુ શુભ મમ સ્વર ઉતારતા.
ગણી પરમ મમ નામ ભક્ત અંતર અચળ ધારતા—વાહ!

સ્રીઓ— (૧૩)
આજ મારે અનુપમ અવસર આવ્યો અતિ આનંદમયરે
મોતી મણીએ ચોકજ પુર્યા દધિ કુસુમ પયરે
કરમાં શ્રીફળ કનકતણું વિર "શામળશા" નેરે
પાટ ઉપરે નયને નિરખી મનડું માનેરે......... આજ મારે.
તોરણ આસો પાલવ કેરાં દ્વારે લટકેરે,
સુખ અતિશય મુખથી કહેતાં વાણી અટકેરે.
મળી માનુની સહુ મંગળ ગાએ મુદ ભર મન હરરે
સુખ નીરખી માણેકબાઈ વારે તન પરરે—આજ મારે

નરસીંહરામ—શામળશા—વિગેરે—(૧૪)
વાલા વેગે આવોરે, દયા દિલે લાવોરે, બીહું મારી બાંગવાહોજી
નહીં આવો તો છાનાં ઉઘાડું બધાં છીદ્ર ... ... વાલા
આહેરડામાં ઉછર્યા ગોવાળીઆમાં વાસ.

કાંધે કાળી કામળી માગી પીતા છાસ,
માતા કહે મુકીયાં, પુરો મારી આશ.
.....................હું રાખુ તમથી હાવોરે...બીહું.
બે માના બે બાપના નકરા નિર્લજ બાળ
મહી માંખણના ચોરટા કંસ તણા હે કાળ.
સોડ તજો રાધા વણી દુરિજન આપે આળ
ધિશ વગે ધાર્યોરે ... . બીહું.

અંક બીજો.

જુઠીબાઇ— (૧૫)

ભિક્ષયવધિના ફરે નવ લેખ, થાયે તેવું જેવી કરમે રેખ લખ્યા
સુર્યવંશી રાજીઓ "હરિશ્ચંદ્ર" જેનું નામ,
પુત્ર પત્નિ વેચીયાં (જેણુ) પોતે વેચાયો નિચધામ (સત્યકાજ)
બળી બંધ મો વચનથી જેણે કિધા યજ્ઞ અપાર,
વામનજીયે ચાંપીયો (જેને) પોતે રહ્યા તેને દ્વાર (ત્રણે દેવો)

નરસિંહરામ— (૧૬)

વાલા મારા કાંઇ જાણીને દેખાં મને છેહરે. હો.
સરવાળો સાંધે નાથ... ... ...
સ્વામી મારા મેંતો સોંપી છે તને મારી દેહરે . હો સરવાળો.
" સખિ ભાવથી મેં ભજ્યો. નર થયો નારી રૂપ.
ત્યારે તેં વર આપીયો, પાળ ત્રિભુવન ભૂપ. હો સરવાળો.
મેં નથી માર્યાં માવલા, તારાં માને બાપ
મરણ પામીયાં મોતથી, નિવાર મારા તાપ. હો સરવાળો.

કુંવરબાઇ તથા શામળશા—(૧૭)

કુંવર—વારી વારી શું શોભેછે વિરો, બીજા પાંચીકાને પોતે હીરો
પીરસું એબલીયે ખાંડુનેખીરો, દેશે બેનીને બહુ ચીર ચીરો.
ધરણીધરનો સેવક સદા ધિરો, જેને નિરખીને લાજે અમીરો. વારી.

શામળશા—શુભ આશક જગવિરનું બ્હેન વિના નહીં કે.ય

કુંવર—વંશ વધારક તાતના, દીર્ઘાયુ તવ હોય,

શામળશા—આપ તું આશીશ,સુખડાં પામીશ, દુખડા વામીશ બ્હેન

કુંવર—... ... ...વારી વારી.

શામળશા—ધન ધન મારી બેનડી, વિણુ સ્વારથ તુજ પેર

કુંવર—સ્વારથ સહુ સંસારમાં, નહી "નરસિંહ" ને ઘેર

શામળશા—સાચી સાચી પ્રીત ચોડી ન રે વિત્ત ગાવું મને ગીત બ્હેન

કુંવર— ... ... વારી વારી.

માંડળીક— (૧૮)

વારે વા વારે વા કેવી સે લાગી હરિમાં
કપુર મળ્યું મરીમાં વાઃમરી સિંધુમાં. વારે વા.
હરિ હરિના દાસો તે એક રૂપ છે, હરી સિંધુ દાસો મેઘ જેવા.
દાસો વાયુ ભી ખંડ તરું હરિ છે વારે વા.
દયા દિનતા સદાય વસી ઉર છે, તરૂવર સરોવર સંને;
નીજ દેહી પરમારથે ધરી છે, વારે વા.

કૃષ્ણ— (૧૯)

મારી આશા પુરો, રાધા રઢીયાળી નાર (૨)
અંગ અનંગ આગ લાગી અતિ અપાર;
આલીંગનથી આજ ઠારો કરીને પ્યાર. મારી.
અંગ દીમાળ્યા સહુ સુંદરી અડતાં ઠરશે અંગમાર મારી

૨૦

કૃષ્ણ, રાધા, જાંબુવંતી, સત્યભામા.

ત્રણે—હરિ જાગો જાગો છોડો છોડો માનીતીને બોલાવોને શ્યામ
જા—હવે નહીં બોલું મારો સુધરો ન બોલું મુકો નામ
કૃષ્ણ—વહાલી મારી ઠાલી ભુલી, હઠ કરી હઠે શું ભરાય
નહીં સોહાય નહી સોહાય, નહીં સોહાય

ત્રણે..........છોડો હાથને..................જાઓજી જાઓ.
જાંબુ—ઉજળું એટલુ દુધ જાણીને ઠગાઇ આઇ
રાધિકા— લીલુડા તે મગડામેં માન્યા સખિ ભુલા ગઇ
કૃષ્ણ—કદી મારી ભુલ હોય, માફી દેશો જોગિ તોય.
ત્રીજે કાને સુણે કોય જરાતો વિચારી જોય
ત્રણે—(ત્યારે અમે નથી લાયક)
કૃષ્ણ—ચાણી જાણી હવે વાણી તમારી મેં સેંપુ સહુ કામ
ત્રણે—આધીન રહીને ચાલો જો સ્વામિ તો રીસાવું શુ કામ
રાધા—વિગતેથી વહેંચી આપો વહાલા મારા અધિકાર
જાણીએ જરૂર તો તો પુરે પુરો રાખ્યો પ્યાર.
કૃષ્ણ—સત્ય ભામા તેડી જાય, રાધિકાજી ગીત ગાય
જાંબુવંતી વાયુ વાય, લક્ષ્મી દીપક સાહ્ય

શાખળશા, કુંવરબાઇ— (૨૧)

માતા રાણી રાધીકા પિતા જગત પ્રતિપાળ
સાચાં એજ સબંધીઓ બીજી આળ પંપાળ
જગતણી ખટપટી ખટપટ છોડી નાથજી નામનારે (૨)
હાર હૈયે હોંશે ધારીયા છે (૨ડા)

સ્વારથી સંગ છોડયો નાથથી નેહ જોડયો
પાપનાં પુતળાં સંસારિ યા છે (કુડાં) જગતણી
પૈસા માટે પાળતા સહુ સંસારી સ્નેહ
પ્રાણુસંગ સ્વારથ ગયો, કરે દેહની ખેહ
દોષ નજરેથી દેખી પ્રીત પ્રપચી પેખી
તાપ ત્રિવિધના નિવારિયાં છે (ઝેરી)
ઢાલ ધીરજની ધારી ભાલું ભકતીનું મારી
માન મદમોહ મનથી મારિયાં છે (વેરી)જગતણી;

ઓીઓ— (૨૨)

એક ખેડયારે ખેતરનીરે ખીજડ વાપરીરે
એક તેનોને ઘડાવ્યોરે માણુકથંભ
વનમાળિડે બેયાં માંડવારે..............................ટેક
મારે મદનરાયરે વ્હેવારીયાની પરણું બેટડીરે
પેલા નરસિંહરામ હળખેડુની આવે જાન...............વન.

ઓીઓ— (૨૩)

વેગે હાથીડા વેવાઇ લાવેરે, માથે સોના અંબાડી ચડાવેરે
બેસે બેસેરે વાસુદેવનોનંદ પુનેમ કેરો ચંદ
હીરા કેરી જોતકે ભાઈ ભાઇરે અજવાળાંરે
છુટી લાપશીકું રંધાવોરે માહી ઘીની તે રેલું ચલાવોરે.
જમે જમેરે વાસુદેવનો નંદ.........................પુનમ.
રુડા હાથે તે વેવાઇ ઢોલીયા માથે ઓછાડ તે અણમોલીયા.
પોઢે પોઢેરે વાસુદેવનો નંદ..............................પુનંમ.

લોભીલાલ— (૨૪)

ધુતારા ધુતી રાખ્યં મે મોંઘી માયા મારી ૨૬
લખમી થઇને કોડિયો આવ્યો બની નવોઢા મારી નારી...ધુતારા
રૂડી ચાકરી કરાવી કીધી એ બેટ ચોરવાની આશથી
જાણે જે જઈશ હું તો ફાવી ફાવ્યો નહીં એ લોભિયાના પાસથી
ખરેખરા એખર તારી જેવા એ નર
પટારાને તોડી જોયો વકર પોતાનો ખોયો
થાકીને કે કુંચી લાવો, મુજને કરવા ધાર્યો બાવો
ત્યાંતો બંદા ચ્યાતા જાણી, રાખ્યું મુચ્છો કેરૂં પણી
બતાવી મેં મોંઘી રાઈ લઇને ચાલ્યા ભોળાભાઇ......રાખ્યં મે

(૨૫)

મદન મ્હેતો— પદ્મસેન, જુઠીબાઇ. વિગેરે.

વાહ મળ્યાં સંકટ હરણુ મુદિત કરણુ મન
વાહ ફળ્યાં આકળ સકળ પુરણુ પૂરવ પુન્ય.
જડીયા જુગજીવન અનુંપ જીવન ધન...વાહ.
શ્યામ શ્રીહરી પ્રગટ રૂપ ધરી વાહ વાહ વાહ
જળમાં સ્થળમાં..... ....વાહ.

સર્વ સાહેલી— (૨૬)

આજે આનંદની રેલ (૨) કાનાને મળશું વ્રજની વાટમાં
ખેલી ખાંતેથી ખેલ (૨) ઝીલીશુ સરવે જમુના ઘાટમાં
મળે માર કાર નેહથી ટળે સાવ આગ દાહ દેહથી
ડર નહીં ઉચાટમાં....................................આજે,

સાખી—શરદ પુનમની ચાંદની ખીલીરે ખુબ રંગ
રૂપેરી પટ પ્રેમથી અવની ઓઢયું અંગ

આવી રૂડી રજની રમાય, માય અંગ અંગ રંગને ઉમંગમું
કાનજી કપોલ ગોલ ચ્હાય વાય પ્રિત રીત ધારશું ઉછરંગશું
સખી ગાશું ગુંથિલું ગાન, લેશું મળી સહુ શુભ તાન
સુણી જુએ મુનિવર ખાન કરે હરી અધર તણું પાન

સાખી—સોળ કળા પુરી સજી, ચડયો ચંદ્ર આકાશ;
ગરવ માનુનિ મુખનો ઉતારવાને ખાસ.
આવી વેળા વિતિ જો જાય પાછી કયારે મળેરે.
એમ હરી સગાથે મળાય જેમ લુણ પાણી ગળેરે

સાખી—અનેક સરિતા એકઠી મળતી સાગર સાથ.
પ્રેમ લક્ષણા પણિને મળિએ હરિ સંગાથ. આજે-

જુડી—શામળશા— (૨૭)

જુડી—સાચો સ્નેહી શામળો સુંદર રાધાનો વર
નહિ તજે હવે હાથ..............................સાચો

શામળશા—સ્નેહામૃત તણું સરોવર સુખનો સાગર
જડિયો જીવન સાથ

જુડી—હેતથી મનાવીને મોહન રાખું ઉર સાથ.........સાચો

શામળશા—પ્યાર ધારી જીભ ગાન એનાં ગાય વાર વાર

જુડી—નાથ નામનો ઉચ્ચાર કરમાંહિ તાર તાર

શામળશા—દુ:ખ ભાર ટાળનાર એજ તારનાર

જુડી...સાચો.

શામળશા—મનહર મીઠું મુખડું, ચારૂ લાખો ખાર

જુડી—પુરણ પ્રેમે પરખાયો, સકળ સ્નેહનો સાર સાચો.

નરસિંહ— (૨૮)
કબુલ કરજો હરખે હુંડી મારી
મારી વાત નહિંતો નકારે... કબુલ

તેલ કડાથી પાણી સુધન્વ. અંબરિષ બાર ઉતારી
પાણિગ્રહ ગોપીનું કીધું, કીર્તિ કુબજાશું ભારી, ક.
રૂકમાંગદને રાખ્યો વાલા, તારી ગુણુકા કુનારે;
નીરીક્ષી.ચનનું પાણી ભરિયું તેમજ લજ્જે રવીકારી ક.

લહુરચંદ— (૬૯)

હવે મને હરી નામથી નેહ લાગ્યો;
ભાગી ભીડ ભવનો ભય ભાગ્યોરે
માયા મંદિર મા ાં મનથી મેં મુકીયાં ને ઇંદ્રિની ઓળખાણ મુકી
હેમ હીરાથી હાર મઢેલા તે આવ્યો તે ઉપર મુખે થુકીરે...હવે મને.
કેના સુત તાત કોના માતા ને ભ્રાત સરવે સ્વારથનાં સગપણુ રાખે
પ્રાણુ ગયા પછી પાસે ન આવે માઠા કાઢો મુખે ભાખેરે વહ

(૭૦)

સારંગધર—અનંતરાય—નાગરમંડળ.

સારંગ—અનંત—ઠીક જમજો (૨) ઠેઠથી વટલેલ નરસિંઆ સંગ
ધીક નાગર શ્રેષ્ટ કુરવથી નેષ્ટ તે બનિયા.
નાગરમંડળ—(હાહા) ભક્ત નરસિંહરામ ઉત્તમશ્રેષ્ટ તેથી થયા;
સારંગ—અનંત—(નાના) પાંણીમાં ડુબી મરો.
નાગરમંડળ—ખર છે ખરેખરો, જાને તું આંથી પરો,
સારંગ—અનંત—.........................ઠીક જમજો.
લોક કેરા થોક નહિ પોક દઈ રડજો,
નાગરમંડળ—(હાહા) ભ્રષ્ટ થાજો નષ્ટતુજ કુળ ખષ્ટ પણુ પડજો
સારંગ—અનંત—(નાના) સાધુ છો શીરા તણા,
નાગરમંડળ—મુકીશ નહીં મળ્યાં તને ધીઃકારો ઘણા,
સારંગ—અનંત—.................................ઠીક જમજો.

મારૂ— (૩૧)

વંદુ શ્રીપતિ કરૂણા નિધાન,
આપો સેવાં અવિચ્છીન દાન.........................વંદુ,
અહિપર સુનાર, નિજજન ઉધાર, પ્રભુ કરણુ હાર ધારી ધરા,
લળિ લળિ નમું વિભુવાર વાર.....................વંદુ.
ત્રય હરણુ તાપ, કરસુખ અમાપ, હરી જગત બાપ, લક્ષ્મીવરા
અજર અમર અજસાર સાર.....................વંદુ.

અપ્સરાઓ— (૩૨)

રખાછો વાટમાં ઘાટમાં હાટમાં, પ્રણુતપાળ હે
પ્રણુતપાળ લળી લળીને નાથ નમીયે પ્રીતથી,
રૂપ અનુપ, સુગુણુ કુપ, દાસ ચાહે ચીતથી,
કરણી વરણી તરણી વારિનિધી ભવતાર—હે.

ચૌદે લોકો નિજતન માહિ, ગિરિવર તરૂવર;
રોમ રોમ પ્રતિચર, મળહર જળથળ દિન દયાળ.
સુંદર દાસો વૃંદ, પુરણુ પિયુષ દાતા આનંદ;
આફંદ જગબંધ કાપો સુખકંદ.................મળહર.

અંક ત્રીજો.

કુંવરબાઇ— (૩૩)

સીમંત સમરે સારૂં, લાવેકો મામેરૂં મારૂં.(૨)
ભ્રાત નથી કે માત નથી, ઉજડ મહિયર એક તાત;
તેતો ભગત જગત રીત, સમજે ન કાંઇ જેથી હારૂં—સિમંતુ

સાસુ નણંદ વાંકાં વેણુ બોલે છે દુષ્ટ દુઃખ દેણુ;
લોક સરવ ગરવ ભેર બોલે છે બોલસ્યે વિચારૂં......સી,

કુંવર—છબિલ— (૩૪)

છબિલ—અતિ હરષ વરસતો મુજ મનમાં,
જોઈ સીમંત હલ્હાડા ઘુંજ તનમાં.........અતિ.
કુંવર—એ રીતી રહી સહજ જગત જનમાં,
શું વન ઝુંપડી વર ભૂવનમાં.
છબિલ—.................................અતિ.
છકમાં બકમાં મુખથી સુખથી
ભરી પુરી ફરૂં ભુલી મુદ વનમાં
કુંવર—બા સરવ અશુભ શુભ વિધિ કરમાં,
હજી શ્રીફળ ભર્યું શુભ અવસરમાં;
બગડે ફળતો નપડે કળતો,
છબિલ—અશુભ વિચારે શાને શુભ દીનમાં.........અતિ.

કૃષ્ણ— (૩૫)

જે જાળ જગતની ત્રોડી ફોડી મુજ શરણમાં આવેરે;
ભવ દુઃખ તેનાં જાયે ભાગી, તાપ ત્રિવિધ નવ તાવેરે...જે.
સંસારીનું સગપણુ છોડી, ભકિત મારી ભાવેરે,
તેનો દાસ થઇ હું દોડુ, જરી શરમ નવ આવેરે......જે.
સરિતા સાગરમાં મળી, લહે જેમ વિશ્રામ,
તેમ ભક્ત મુજ રૂપમાં, મળી લહે આરામ;
મારે આધારે રહે, મારા ગુણ જો ગાય,
મુખ્ય મજુરી આપતા, હુંથી કેમ રખાય..........જે.

સાધુઓ— (૩૬)

મારૂં તારૂં મુકીદોને, ફરિ ફરિ નાવે ક્યાંઇ,
આવો રૂડો મનખો તે ગુમાવો ન ભાઇ........મારૂં.
ધરી જરી ગાદી સારી સુતા સદા શેઠો શાણા,
લુટી ઝુંટી માયા મેળી, હાટી પતી કેવાણા,
ગણ્યાં નહીં જાયે તેથી, સુત્યે તોળી વ્હેચ્યે નાણાં,
એવા એવા ગયા છે ચાલી ન મળે ઠેકાણાં......મારૂં.
રણે ચડે વેરી સામા પરાને ધ્રુજાવે ધીરા,
મુછો પરે લીંબુ ઠરતા એવા પણ વીરા રે,
દેહી બખતરમાં જેની સમાતીન હાકમ હીરા,
ભલા ભલા કાળે ખાધા, સુણી સત્ય ગીરારે......મારૂં.

કુંવર—વસંતરાય— (૩૭)

કુંવર—નાથ પ્યારા, બોલો સુણી ખારા, થાયે કટકા છાતીના,
શાને ચીડો છો પ્યારા હું છું તમારી દાસ,
કરૂં ના ઘડી ન્યારા..............નાથ..............નાથ.
રથ હાંકયો અર્જુનનો, એવા દીન દયાળ,
એ તમને ભાવે નહીં, પ્રણુત તણા પ્રતિપાળ.
બોલો મારા કેમ ગમતા નથી, રમ રહમ કેમ રમતા નથી;
સ્વામી સુધા કેમ જમતા નથી, જગવંધને કેમ નમતા નથી,
ચેતો શાણા સ્વામ....... ....નાથ.
વસંત—નીકળ નીકળ વિષમ વચનની કહેનાર તું,
મલિન કરે છે મારૂં, સત્વ નષ્ટ નાર તું;
ખા. રી. વાણી તા રી છે.

કુંવર— ૩૮

અરે આવ્યું સીમંત શીદ મારૂં હાય માતા (૨)
છવી કાં જગે જનની જાતાં, હાય માતા (૨)
જેવો ગોળ વિના કંસાર, તેવો માતા વિણુ સંસાર. હાય.
દીવા વિના ઘર તેજ છે તેવું પીતાનું હેત છે
માતા મરી જાયા છવી, મુવા બરોબર એજ છે. હાય.

તાનારીરી— (૩૯)

આલી જાઓ જાઓ બેગેં બોલો નંદકેલાલકો;
રાધે મરેગી જુદાઇમેં. દગા દીયો કયોં પીયા આલી.
એ સો હીયો કયો કીયો રહેગો નાહિ છયા આલી.
લગી હે આગી બિરહ બાબુકે આગ જવાલા;
બઈદ જરતહે છુવત નાડી નિજકર,
ઓ છુવાં હોવે આબજબ ન્હાવે નીયા............આલી,
સાની સાસાગગમમ ધની, નીનીધ નીનીધ નીના,
મધની સાનીધમ સાનીધમગ મગ સાની
ધની સાગમ ધની સાનીધ મગ મગ સાની સાની સાગગ
મમ ધમધ નીનીની સાની સાસા મધની ગમધની
સાની ધમગ ધમગગ સાસાનીધ મગમધનીની ધમગ......સાની
ગમધની ગમધની સાનીધમ સાનીસાની ધધગમ ધનીની નીધમગ
મમસાંની સાસા

કુંવર— (૪૦)

આવશે લાવશે શ્રીહરી સીંમતમાં
હેમ હાર હીર ચીર મોતી થાળ અંતમાં આવશે.

પુર્યાં પંચાળી ચીર નવસે નવાણું;
ખાધું ખાંતેથી ખુબ ભાજીનું ખાણું,
એક હરી. આશ બીજું કાંઇએ ન જાણું, આવસે.
હર્યાં હિરંણી વસ્ત્ર નવા નિપાવ્યાં
માટી ખાઇને મુખ માતાને ભુલાવ્યાં,
જેણે બ્રહ્માંડ માંહિ કોટી બતાવ્યાં આવસે.

નરસિંહ— (૪૧)

નિશદિન નટવર હ્રદય વસેલા... નિશદીન.
ધરો અરજ નિજ દાસતણી ઉર
છોહ કરો ઝટ છેલા. નિશદીન
નટખટ નાગર કરે ઠેકડી;
માંણ મલીન મન મેલા. નિશદીન
કોલ યાદ કરો કૃષ્ણ કોડીલા;
બોલ સુનો મુજ બેલા, નિશદીન
બાર મેઘ તમ હુકમે હાજર;
વરસાવો વર વેલા. નિશદીન

સીઓ— (૪૨)

આજે આનંદનો અવસર આવ્યોરે તેને પુન્યેરે
બાળક કુંવર વહુને પેટ લાવ્યોરે તેને પુન્યેરે
સાસુ સસરાને સારાં સંતોષ્યાંરે તેને પુન્યેરે
એવાં પૂરેનાં ફળ આજે પોષ્યાંરે, તેને પૂન્યેરે

કૃષ્ણ— (૪૩)

આવાં કામ અનેક કરીશુ,
કાગળ વાંચીને વિચરીશુ;
લાખ કરોડો રૂપિયા દેશું, હાજર હુકમે હરદમ રહેશું.
જ્યાં જઇ વેચો ત્યાં વેચાશું વાણોતર થઇ વહેલા ધાશું
આવાં કામ

નરસીંહ તાનારીરી— (૪૪)

જસોદાના જાયા ડાહયા સુભદ્રાના વીરારે;
આવો વેલા વારે મારી હૈયા કેરા હીરારે
મારે તો છે ઓથું સાચી, આવોરે હાં વાલા આવોરે
(હાંરે હાંરે લાલજી)
માગ્યું છું તમ આગળે, મુજ સેવકના શેઠ
એક હીરનું કાપડું દીયો આપની એઠ. જસોદાના,
મામેરું મોટું કરી કર્યાં કોટીનાં કાજ,
એક હીરલગ્રી કાપડે જાવા બેઠી લાજ જસોદાના,

નરસિંહરામ વિગેરે— (૪૫)

મોહન તારી માળારે, આઠે પહોરે મુકું નહીં
કાના અંગે કાળારે, ચંતડેથી હું ચુકુ નહિ મોહન.
જેમ પપીઓ પીયુ પીયુ રટતો રાખી ટેક
સર સરિતાનાં જળ થકી નપીટ પોયુ એક.

તેમ જપું તુજ ન મને વ્હાલ ધરી વિશેક;
બીજા બધા આગારે તેની કને હું કું નહીં.

જેમ લઈ શીર બેડલું પનીહારી પથ જાય;
બોલે ચાલે કર તાળી લે, સુરતા બેડા માંય.

તેમજ મારી સુરતા લાગી ત્રિકમ ફેરે પાય;
વળગે વિષયવાગારે તેને માથે થુકુ નહીં.

લહેરચંદ, સારંગધર— (૪૬)

લહેર—શ્રીહરિ જેહનો સ્વામિ, કરશો શું તેને કામી,
સારંગ—પાપીને પરતીય ગામી, કયાંથી જાણ્યા બહુ નામી;
લહેર—અઢાર ક્ષોણી સેન્યા પદચર હય ગજરથની જામી,
ટીટોડીનાં બચ્ચા તેમાં ઉગાર્યાં નહીં ખામી.
એ જાણી થયો અનુગામી................શ્રીહરિ.

સારંગ—અંગ ઉજળુ મનડું મેલું, હીંણા હોય હરામી
વાણી વદતા વેદ તણી પણ પર દુષણના દામી
આ પવિત્ર પદવી પામી, કયાંથી જાણ્યા બહુ નામી

લહેર—......................................શ્રી હરિ.

કુંવરબાઇ }
જુઠીબાઇ } (૪૭)

જારે જા જારેજા ખરેખર તું હરામી,
કામી શ્યામ મુખ લઈને ફરયા,

કળીયુગ તણો દૂત અધમ તું,
નાદ વેણુ તજી સાવ સરમ છું.
કહું લાજીને, દૂર ટળીને;
જાગી ભાગીને ધુળ માગીને... ... જારેજા.

નરસિંહરામ વિગેરે (૪૮)

પારેખા વિઠલા નેમો, ધેજનરો રાય છે ઘેલો રે;
વખાણું વંચાવશે મેમો... ... ... પારેખા.
પ્રભુત પામવા પદ છે તારૂં પાગ ત્રિભોવનનાથ,
મોટાઇ મુકીને મુકમાં મોહન હેતે આલેલો હાથ.
હરી શીદ આપ હડશેલો... ... ...ધીજાગે.
તાત તારા તને તેડીને ત્રિકમ ચોરી લાવ્યા ગોકુળ;
તાતનાં લક્ષણ તુજમાં આ શાં ચોર્યાં તારે પટકુળ,
બોલાવે કાં ચોરનાં ખેલો... ... ... ધીજાગે.
કોઠીનું કિમતી સુતર કાચું, ફુલડાં કેરા માળ;
તેમાં લોભાઇને જાત તેં તારી, દેખાડી દીધી ગોવાળ.
ખરાખું તું આપનો પેલો... ... ... ધીજારે.

નરસિંહરામ — (૪૯)

વારે ચડ વાલા મારા વ્રજના વાસી, મૃત્યુના મુખથી મુકાવા રે
ક્યાંભાની સોડ છોડી દામોદર આવ દોડી, હું તો કરું છું કાલાવાલા રે
પ્યારીને મુક પરી ભક્તોની ભાળ કરી મોટાઇ રાખ તારી આવા રે...વા.
બ્રાહ્મણનો રથ હાંકયો [illegible] રંગ રાખ્યો કૌરવના કુળને કાપા રે
ભક્ત વત્સલતા તારી વ્હાલા તે ક્યાં વીસારી જાદવા કાંઈ માગું જાવા રે

કોરારી મોટો કીધો કાના તે કાળ દીધો, સાહે સંકટ માહે યાવારે
પિસા રે કાળ તારો પાળજે સોગ મારો, જાજે જમુનાજીમાં નાવારે...વા.

નરસિંહરામ— (૫૦)

વા વારે વાદીલા વિચારી વાત
મેં વાલા વિતાવી વસમી રાત
ઠીક પધાર્યો પ્રભુ તું પ્રભાત
બુઢા બળદ તેં છુટી પુછળ અતિ મને દોડાવીયો
પ્રિતની રાસડીથી તને નાથ્યો, તોય બધ તોડાવીયો,
ઝોરીયો આવ્યો ગમાણે પ્રાત, મરણ મોંથી મુકાવીયો તાત...વા.

સમાપ્ત

જાહેર ખબર.

નિચે મુજબ કિમતથી નાટકના ઓપેરાની ચોપડીઓ જે સાહેબોને જોઈતી હશે તેને [illegible] પૈસે વાંકાનેર આ હિત વર્ધક નાટક કંપની પાસેથી મળશે:—

જગતસિંહ નાટકના ઓપેરા	...	૦—૨—૦
શૈલબાલા નાટકના ઓપેરા	...	૦—૨—૦
ચંદ્રકાન્તા નાટકના ઓપેરા	...	૦—૨—૦
નર્મદા......નાટકના ઓપેરા	...	૦—૨—૦
શુરવીર શીવાજી નાટકના ઓપેરા	...	૦—૨—૦
પ્રેમચંદ્રિકા નાટકના ઓપેરા	...	૦—૨—૦
સીતારત્નચંદ્ર નાટકના ઓપેરા	...	૦—૨—૦
સત્યવાદી હરિશ્ચંદ્રના ઓપેરા	...	૦—૨—૦
કુમુદકિશોરી નાટકના ઓપેરા	...	૦—૨—૦
મહારાણા પ્રતાપના...ઓપેરા	...	૦—૨—૦
ગોપીચંદ નાટકના ઓપેરા	...	૦—૨—૦
કૈદા મંજ નાટકના ઓપેરા	...	૦—૨—૦
સતી સુરત્નાના ... ઓપેરા	...	૦—૨—૦
ઈન્દુમતી નાટકના ... ઓપેરા	...	૦—૨—૦
રમણ સુંદરી નાટકના ઓપેરા	...	૦—૨—૦
સંસારી સાવિત્રી નાટક ઓપેરા	...	૦—૨—૦
મોહાંગાઈના નાટકના ઓપેરા	...	૦—૨—૦

ઉપરનાં પુસ્તકો કંપનીના મુકામેથી મળશે તેમજ ગુજરાતના તમામ નામીચા શહેરોમાં અમારી કંપનીના એજન્ટો પાસેથી મળશે—વિનંતી

ગ્રંથ કર્તા